Sunday
05.06.2023
*Volume :7 * Issue No.307
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalam gujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-







ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈનાં હસ્તે વેસુ વિસ્તારમાં ડીઓન એકેડેમી નું ઉદઘાટન કરવામાં આવ્યું. આ એકેડેમી યુવાઓ ને કોમ્પુટરને લગતા વેબ ડેવલમેન્ટ તેમજ મોબાઈલ એપ ડેવલમેન્ટ નાં કોર્ષ કરાવે છે. યુવા ધનને આ કોમ્પ્યુટર યુગમાં સરળતાથી નોકરી મળી રહે અને યુવાન રોજગાર મેળવે એ હેતુ થી આ એકેડેમી ની શરૂઆત કરવામાં આવી છે. યુવાનો ને નોકરી મળે ત્યાં સુધી ની જવાબદારી લેતી આ એકેડેમી નું ભવ્ય ઉદઘાટન આજ રોજ કરવામાં આવ્યું. સમારંભમાં સુરત મહાનગર પાલિકાનાં કોર્પોરેટર કૈલાશબેન સોલંકી, હિમાંશુભાઈ રાઉજી તેમજ દીપેશભાઈ પટેલ હાજર રહ્યા હતાં. આ ઊપરાંત વિવિધ કોલેજોનાં પ્રોફેસરો, વિદ્યાર્થીઓ, સામાજિક કાર્યકરો તેમજ આઈટી ક્ષેત્રના નિષ્ણાંતો હાજર રહ્યા હતા.

# ધરમપુરના ગડી અને કપરાડાના ગિરનાળામાં રૂ. ૧-૧ કરોડના ખર્ચે નવનિર્મિત આશ્રમશાળાનું નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ

## આદિવાસી બાળકોને અભ્યાસની સાથે રહેવા અને જમવા સહિતની સુવિધા મળી રહે તેવી આશ્રમશાળા બનાવાઈ: મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ગડી ગામમાં રૂ. ૧ કરોડ અને કપરાડા તાલુકાના ગિરનારા ગામમાં રૂ. ૧ કરોડના ખર્ચે અનુસૂચિત જન જાતિના બાળકો માટે જિલ્લા પંચાયત સંચાલિત નવનિર્મિત આશ્રમશાળાનું રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે રવિવારના રોજ વરસતા વરસાદના ખુશનુમા માહોલમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં સરકાર આદિવાસી વિસ્તારોમાં વિકાસના કાર્યોની ધુણી ધખાવી રહી છે. જેમાં પણ ખાસ કરીને શિક્ષણનું પ્રમાણ સતત વધતુ રહે તે માટે અનેક કાર્યો થઈ રહ્યા છે. જે અંતર્ગત ધરમપુરના ગડી અને કપરાડના ગિરનાળા ખાતે આદિવાસી બાળકો માટે રેસિડેન્સીયલ સ્કૂલ અને સંપૂર્ણ ભોજનાલયની વ્યવસ્થા સાથે આશ્રમશાળા તૈયાર કરવામાં આવી છે. જેમાં ૧૫માં નાણાપંચની ગ્રાન્ટનો ઉપયોગ કરનાર જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનિષ ગુરવાની અભિનંદનને પાત્ર છે. ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ અને કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીના અથાગ પ્રયત્નોથી આદિવાસી વિસ્તારમાં અનેક વિકાસના કાર્યો થઈ રહ્યા છે. સાથે સાથે લોકો પણ વિકાસના કાર્યોમાં સહભાગી બનતા આ વિસ્તારની કાયાપલટ કરવામાં સફળતા મળી છે. ધરમપુર ની ગડી આશ્રમશાળામાં રૂ. ૫૦ લાખ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી તરફથી ૧૫માં નાણાપંચમાંથી અને રૂ. ૫૦ લાખ વાપીની ગુજરાત થેમીસ બાયોસીન લિ. કંપની દ્વારા સીએસઆર ફંડ હેઠળ આપવામાં આવ્યા હતા. જેમાંથી હાલ ગડી આશ્રમશાળામાં અભ્યાસ કરતા ૧૩૧ વિદ્યાર્થી માટે સ્કૂલ બિલ્ડીંગમાં ૮ કલાસરૂમ તેમજ સ્ટાફ ઓફિસ અને પ્રિન્સીપાલ ઓફિસના મકાનના બાંધકામનો સમાવેશ થાય છે. ઉપરાંત દુરથી આવતા વિદ્યાર્થીઓ આશ્રમશાળામાં રહીને અભ્યાસ કરી શકે એમાટે ૭૬ બેડ છોકરાઓ માટે અને ૭૬ બેડ છોકરીઓ માટે અલગ રહેવાની સુવિધા તેમજ જમવા માટે મેસની સુવિધા સાથેના મકાનના બાંધકામનો સમાવેશ થાય છે. આ સિવાય પાણીની સુવિધા માટે ૧૫માં નાણાપંચમાંથી રૂ. ૫ લાખ, આશ્રમશાળામાં ફર્નિચર માટે સ્ટેમ્પ ડ્યુટીની રકમમાંથી રૂ. ૪ લાખ અને સ્વભંડોળમાંથી રૂ. ૧૪- ૧૪ લાખના ખર્ચે ગડી અને ગિરનાળા આશ્રમ શાળામાં સોલાર પેનલ, ગડીમાં સ્ટાફ કવાર્ટર રિનોવેશન અને ગિરનાળામાં મેસ રિનોવેશનનો ખર્ચ કરવામાં આવ્યો હતો. કપરાડા તાલુકાના ગિરનાળા ગામની આશ્રમશાળાના નવનિર્માણ માટે રૂ. ૫૦ લાખ ૧૫માં નાણાપંચ અને રૂ. ૫૦ લાખ પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિ. મુંબઈના સીએસઆર ફંડમાંથી ફાળવાયા હતા. ગિરનાળા આશ્રમશાળામાં હાલમાં અભ્યાસ કરતા ૧૪૩ વિદ્યાર્થીઓ માટે સ્કૂલ બિલ્ડિંગમાં કુલ ૮ કલાસ રૂમ, સ્ટાફ ઓફિસ અને પ્રિન્સીપાલ ઓફિસનું મકાનનું બાંધકામ કરવામાં આવ્યું છે. ઉપરાંત દુરથી આવતા વિદ્યાર્થીઓ આશ્રમશાળામાં રહીને અભ્યાસ કરી શકે એમાટે ૭૬ બેડ છોકરાઓ માટે અને ૭૬ બેડ છોકરીઓ માટે અલગ રહેવાની સુવિધા તેમજ શિક્ષકોના રહેવા માટે ૩ સ્ટાફ ક્વાર્ટરની સુવિધા સાથે મકાનનું બાંધકામ કરાયું છે. જેમાં પાણીની સુવિધા માટે રૂ. ૨૫ લાખ ૧૫માં નાણાપંચમાંથી અને આશ્રમશાળાના ફર્નિચર માટે રૂ. ૪ લાખ સ્ટેમ્પ ડ્યુટીની રકમમાંથી ફાળવાયા હતા. આદિવાસી લોક સંસ્કૃતિની ઓળખ સમા નૃત્ય અને



સંગીતના સથવારે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.ખુશાલી ભંડારીએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં ચાલુ વરસાદમાં પણ મંડપ ટકી શકે તેવા ટકાઉ મંડપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ અલકાબેન શાહ, ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ રમીલાબેન ગાવિત, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વાપીની પીડીલાઈટ કંપની મેન્યુફેકચર ઓપરેશન્સના ચીફ ગીરિશ છબલાની અને ગુજરાત થેમીસ બાયોસીનના ડાયરેકટર રજનીશ આનંદ, જિલ્લા વિકાસ અધિકારી મનિષ ગુરવાની, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્ચાર્જ નિયામક અંકિત ગોહિલ, ધરમપુર કપરાડાના પ્રાંત અધિકારી કેતુલ ઈટાલિયા, ધરમપુના મામલતદાર ફ્રાન્સીસ વસાવા, જિલ્લા સંગઠનના પ્રમુખ હેમંત કંસારા, જિલ્લા સંગઠનના મહામંત્રી મહેન્દ્ર ચૌધરી, ગડી ગામના સરપંચ કમુબેન ભોયા, ગિરનાળા ગામના સરપંચ રેખાબેન ગાંવઠા અને જિલ્લા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના માજી ચેરમેન ઝીણાભાઈ પવાર સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિતિ રહ્યા હતા.

# ભગવાન શ્રી જગન્નાથજીની ૧૪૬મી રથયાત્રા મહોત્સવ પૂર્વે જળયાત્રા મહોત્સવનું આયોજન

## આજથી ૧૫ દિવસ (અષાઢી બીજ) સુધી ભગવાન શ્રી જગન્નાથજી મોસાળ સરસપુરમાં મામાના ઘરે નિવાસ કરશે

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ ખાતે ભગવાન શ્રી જગન્નાથ મંદિરથી સાબરમતી રિવરફ્રન્ટ ઘાટ સુધી ભગવાન શ્રી જગન્નાથજીની ૧૪૬મી રથયાત્રા પૂર્વે જળયાત્રા મહોત્સવનું આયોજન કરાયું હતું. ભગવાન શ્રી જગન્નાથજીની જળયાત્રાનો શુભારંભ હાથી-ઘોડા, નૃત્યો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઢોલ - નગારાના નાદ સાથે કરાયો હતો. ત્યારબાદ વૈદિક મંત્રોચ્ચાર અને વિધિ સાથે ૧૦૮ કળશમાં સાબરમતી નદીનું જળ ભરીને ૧૬૦૦ જેટલા મંત્રોચ્ચાર કરી ભગવાન શ્રી જગન્નાથજીનો જ્યેષ્ઠાભિષેક કરાયો હતો. આ જળાભિષેક બાદ ભગવાન શ્રી જગન્નાથજી જેઠ સુદ પૂર્ણિમા સુધી મોસાળ સરસપુર સ્થિત તેમના



મામાના ઘરે નિવાસ કરશે. આ પાવન જળયાત્રા મહોત્સવમાં પૂર્વ ગૃહમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેષભાઈ બારોટ, નૃત્યકારો, કલાકારો અને વિશાળ પ્રમાણમાં ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારી કુંકણા (કુનબી) સમાજનો ૨૩ મો વાર્ષિક સામાન્ય સભા યોજાઇ

## કોઇપણ સમાજની સેવા ભગવાનની સેવા બરાબર છે -મધ્યપ્રદેશના મહામહિમ રાજયપાલ શ્રી મંગુભાઇ પટેલ

કમલમ્ ન્યુઝ,નવસારી

નવસારી કાલિયાવાડી ખાતે આવેલી કુંકણા (કુન્બી) જ્ઞાતિપંચના સુખી ભવન ખાતે કુંકણા સમાજનો ૨૩ માં વાર્ષિક સામાન્ય સભા મધ્યપ્રદેશના મહામહિમ રાજયપાલ શ્રી મંગુભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ અવસરે નવસારી ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ ઉપસ્થિત રહયાં હતાં. આ પ્રસંગે મધ્યપ્રદેશના મહામહિમ રાજયપાલ શ્રી મંગુભાઈ પટેલે કુંકણા સમાજનો ૨૩ માં વાર્ષિક સમારોહ અવસરે સમાજને સંગઠિત કરનાર તમામનો ઋણ સ્વીકાર કર્યો હતો. સમાજમાં સામાજીક કુરિવાજો, વ્યસનની બદીઓ દૂર કરી આદર્શ સમાજનું ઘડતર કરી, કુંકણા સમાજને અન્ય સમાજની હરોળમાં લઈ જવા સંકલ્પબધ્ધ થવાઅનુરોધ કર્યો હતો. સમાજનો કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહેવો જોઈએ. કોઈપણ સમાજની સેવા ભગવાનની સેવા બરાબર છે તેમ જણાવી કુંકણા જ્ઞાતિપંચના આગેવાનોને સમાજમાં સૌને સાથે રાખી મજબૂત સંગઠન બનાવવા જણાવ્યુ હતું. રાજયપાલશ્રીએ શિક્ષણ પર વિશેષ ભાર મૂકતા જણાવ્યું હતું કે, પ્રગતિની પારાશીશી શિક્ષણ છે. વાર્ષિક સમારોહમાં કુંકણા




સમાજના પ્રમુખ શ્રી રમેશભાઈ દેશમુખ, સુરત કુંકણા સમાજના પ્રમુખ શ્રી બિપિનભાઈ તેમજ સમસ્ત જ્ઞાતિપંચના પ્રમુખ શ્રી નાનુભાઈ પટેલે કુંકણા સમાજને અન્ય સમાજની હરોળમાં લઈ જવા, સમાજમાંથી કુરિવાજો દૂર કરવા, શિક્ષણને પ્રાધાન્ય આપવું, સમાજને સંગઠિત કરવા જેવા સમાજોપયોગી માર્ગદર્શન આપ્યું હતું. વાર્ષિક સમારોહમાં જુ.કે.જી. લઈ ઉચ્ચતર શિક્ષણ મેળવેલા તેમજ પરીક્ષામાં પ્રથમ, દ્વિતિય અને તૃતીયક્રમે ઉત્તીર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓને રાજયપાલશ્રી તથા મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કર્યા હતાં. આ કાર્યક્રમમાં બાળકોએ બેટી બચાવો- બેટી પઢાવો, પાણી બચાવો, પર્યાવરણ બચાવો જેવી વિવિધ કૃતિઓ રજૂ કરી હતી.આ પ્રસંગે નવસારીના અગ્રણી શ્રી માધુભાઈ કથીરીયા, શ્રી પ્રેમચંદભાઈ લાલવાણી, શ્રી હરીશ મંગલાણી, શ્રી કરસનભાઈ ટીલવા, શ્રી પિયુષભાઈ પટેલ, શ્રીમતી નર્મદાબેન પટેલ, નીલાબેન દેશમુખ, શ્રી દિપેશ પટેલ, ભુમિકાબેન કુન્બી, શ્રી પ્રકાશભાઈ દેશમુખ, શ્રી અશોકભાઈ ચોટલીયા, કુંકણા સમાજના સુરત, વલસાડ, ચીખલી, બીલીમોરા ના અગ્રણીઓ, જ્ઞાતિપંચના હોદ્દેદારો, વિદ્યાર્થીઓ, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

# વર્ષ ૨૦૨૩ માં વિદ્યુત ભઠ્ઠીમાં ૨,૪૯૧ મૃતદેહના અગ્નિ સંસ્કાર કરાતા આશરે ૨૫ હજાર મણ લાકડાની બચત



કમલમ્ ન્યુઝ,

પર્યાવરણ એ સમગ્ર જીવસૃષ્ટિનું હૃદય છે. પર્યાવરણ થકી જ જીવન શક્ય છે. આજના સમયમાં આધુનિકરણની દોડમાં પર્યાવરણ પર વિપરીત અસર થતા સમગ્ર જીવસૃષ્ટિ પર ખતરો મંડાઈ રહ્યો છે ત્યારે તા. ૫ જૂના રોજ પર્યાવરણ બચાવ અર્થે "વિશ્વ પર્યાવણ દિવસ" ઉજવવામાં આવે છે. આજે લોકો વધુને વધુ પર્યાવરણ અર્થે જાગૃત થઈ રહ્યા છે, ત્યારે હિન્દુ ધર્મની વિધિઓમાં પણ પર્યાવરણને અનુલક્ષીને આમૂલ પરિવર્તનો જોવા મળે છે. હિન્દુ ધર્મમાં પરંપરાઓથી મૃત્યુ બાદ લાકડાની મદદથી દેહના અગ્નિ સંસ્કાર કરવામાં આવે છે. જેમાં વૈજ્ઞાનિક અભિગમ સાથે સમયાંતરે પરિવર્તન આવતા હવે મૃતદેહોને વિદ્યુત ભઠ્ઠી અને ગેસ ભઠ્ઠીમાં અગ્નિદાહ આપવામાં આવે છે. રાજકોટની વાત કરીએ તો, રાજકોટના મુખ્ય પાંચ સ્મશાનોમાં આધુનિક વિદ્યુત ભઠ્ઠી કાર્યરત છે. જયારે રામનાથપરા ખાતે ગેસ ભઠ્ઠી પણ કાર્યરત છે. જેનો ઉપયોગ અગ્નિ સંસ્કાર માટે કરાય છે. વર્ષ ૨૦૨૩ માં પાંચ માસ દરમ્યાન ૨૪૯૧ લોકોના અગ્નિ સંસ્કાર વિદ્યુત ભઠ્ઠીમાં જયારે ૧૯૯૧ લોકોના અગ્નિ સંસ્કાર લાકડાના ઉપયોગથી કરવામાં આવ્યા છે. આમ ૫૬ % મૃતકોના પરિવારજનોએ વિદ્યુત ભઠ્ઠીનો ઉપયોગ કરી પર્યાવરણને બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. રાજકોટના રામનાથપરા સ્મશાનના સંચાલક સરગમ કલબના પ્રમુખ શ્રી ગુણવંતભાઈ ડેલાવાળા જણાવે છે કે, હવે સમય બદલાઈ રહ્યો છે. શિક્ષિત અને આધુનિક વિચારધારાવાળા લોકો લાકડાના બદલે વિદ્યુત ભઠ્ઠીને પ્રાથમિકતા આપે છે. જેનાથી લાકડાની બચત સાથે સમયની બચત ઉપરાંત પર્યાવરણને નુકસાનીથી બચાવી શકાય છે. અગ્નિદાહ માટે પ્રતિ વ્યક્તિ ૧૦ મણ લાકડાની સરેરાશ ખપત ગણીએ તો વર્ષ ૨૦૨૩ માં જાન્યુઆરી થી મે માસ દરમ્યાન ૨૪૯૧ લોકોના અગ્નિ સંસ્કારમાં આશરે ૨૫ હજાર મણ લાકડું બચ્યું છે. પ્રતિ મણ લાકડાનો ખર્ચ ૧૧૦ રૂ. જેટલો આવે છે. એટલે કે ૨૬ લાખ રૂ. જેટલી આર્થિક બચત થઈ છે. માત્ર એટલુંજ નહિ, સામે એટલા વૃક્ષ ઉપલબ્ધ રહેતા પર્યાવરણ પણ સમૃદ્ધ રહે છે. રાજકોટ ખાતે રામનાથપરા, બાપુ નગર, મોટા મવા સહિતના શહેરી વિસ્તારના સ્મશાનમાં વિદ્યુત ભઠ્ઠીમાં અગ્નિદાહનું પ્રમાણ વધારે છે. જયારે મવડી તેમજ રૈયા ગ્રામ્ય વિસ્તારના સ્મશાનમાં લાકડાનું પ્રમાણ થોડું વધારે જોવા મળ્યું છે. ગુજરાત સરકાર દ્વારા પર્યાવરણનું જતન કરવા માટે ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા સ્મશાનગૃહોમાં સુધારેલી સ્મશાન ભઠ્ઠી લગાડવાની યોજના અમલી બનાવાઈ છે. છેલ્લા ૭ વર્ષમાં રૂ.૨૯ કરોડથી વધુના ખર્ચે ૬ હજારથી વધુ સ્મશાન ભઠ્ઠી લગાવાઈ છે. લોકો વધુને વધુ જાગૃત બને અને અગ્નિ સંસ્કાર વિધિ માટે વિદ્યુત ભઠ્ઠીનો મહત્તમ વપરાશ કરી પર્યાવરણને બચાવવાની કામગીરીમાં પ્રોત્સાહક પ્રદાન આપે તે આજના સમયની માંગ જોવા મળે છે.

